
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૮ | ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯, મંગળવાર; માગસર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આખરે નાગરિકતા સુધારા બિલ પસાર

## લોકસભામાં બિલ રજૂ થતાં કોંગ્રેસ સહિતના વિપક્ષોએ ભારે હોબાળો મચાવ્યો
## નાગરિક સુધારા ખરડામાં મતદાન વખતે તરફેણમાં ૨૯૩-વિરોધમાં ૮૨ મતો પડ્યા



ન્યુ દિલ્હી,તા.૯

લોકસભામાં આજે ગૃહમંત્રી અમિત શાહે નાગરિકતા સુધારણા બિલ રજૂ કરતાની સાથે જ સંસદમાં હોબાળો શરૂ થઈ ગયો હતો. આ બિલને સંસદમાં રજૂ કરવું કે નહીં તે માટે લગભગ એક કલાક સુધી ઉગ્ર ચર્ચાઓ થઈ હતી. વિપક્ષ દ્વારા બિલને લઘુમતી વિરોધી હોવાનો આરોપ લગાવવા પર શાહે ૧૯૪૭માં દેશના ભાગલાનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા.

નાગરિક સુધારણા બિલ અંગે સ્પષ્ટતા કરતા અમિત શાહે કહ્યું કે આ બિલ કોઈ પણ પ્રકારે અલ્પસંખ્યકોની વિરુદ્ધનું નથી. આ બિલ ૦.૦૦૧ ટકા પણ લઘુમતીઓની વિરોધમાં નથી. જો કોંગ્રેસ ધર્મના નામ પર દેશના ભાગલા ન કરતી તો કદાચ નાગરિકતા સુધારણા બિલની જરૂર જ ન હોત.

અમિત શાહે દેશના ભાગલા તો કોંગ્રેસ પાર્ટીએ કર્યા છે, અમે નહીં. તેમણે જો ધર્મના નામે દેશના ભાગલા ન કરાવ્યા હોત તો આજે પરિસ્થિતિ કંઈક અલગ જ હોત.

● અનુસંધાન પાન-૭ પર

### નાગરિક સુધારા બીલનો વિરોધ કેમ ?

## મુસ્લિમ શરણાર્થીઓને નો એન્ટ્રી આપતો આ કાયદો શું છે?

- નાગરિક સંશોધન બિલનો ઉદ્દેશ્ય હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ઈસાઈ આ છ સમુદાયના લોકોને ભારતીય નાગરિકતા આપવાનો છે.
- બિલ મારફતે વર્તમાન કાયદામાં સુધારો કરવામાં આવશે, જેથી નક્કી કરેલા વર્ગોના ગેરકાનૂની પ્રવાસીઓ છૂટ આપી શકાય. જોકે આ સુધારા બિલમાં મુસ્લિમોનો સમાવેશ કરવામાં નથી આવ્યો એટલા માટે વિપક્ષ બિલને ભારતીય બંધારણમાં સમાવિષ્ઠ ધર્મનિરપેક્ષ સિદ્ધાંતો વિરુદ્ધ ગણાવતા બિલનો વિરોધ અને ટીકા કરી રહ્યા છે.
- નવા કાયદામાં અન્ય સુધારાઓ પણ કરવામાં આવ્યા છે, જેથી ગેરકાયદેસર રીતે ભારતમાં રહેલા લોકો તથા પાડોશી દેશોમાં ધાર્મિક અત્યાચારોનો ત્રાસથી ભારતમાં શરણ લેનારા લોકોમાં સ્પષ્ટ પણે અંતર રાખી શકાય.
- દેશના પૂર્વોત્તર રાજ્યોમાં આ બિલનો પૂરજોશમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે. એ રાજ્યોને ચિંતા છે કે, છેલ્લા કેટલાક દાયકાઓમાં બાંગ્લાદેશમાંથી મોટી સંખ્યામાં આવેલા હિન્દુઓને નાગરિકતા મળી જશે.
- નાગરિકતા સંશોધન બિલ લોકસભામાં સરળતાથી પાસ થવાનું નક્કી છે પણ રાજ્યસભામાં કે જ્યાં કેન્દ્ર સરકાર પાસે બહુમત નથી, ત્યાં આ બિલન પારિત થવું થોડું મુશ્કેલ બની જશે.

● અનુસંધાન પાન-૭ પર







ઉગ્ર આક્રોશ - નાગરિકતા સુધારા બીલ રજૂ થવાની સાથે દેશના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં ભારે વિરોધ - વંટોળ જાગ્યો હતો... ગૌવાટી, સિલોગ સહિતના પૂર્વીય શહેરોમાં ધરણા, ઉપવાસ અને રેલી જેવા કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે દિલ્હી ખાતે પણ વિરોધપક્ષોએ પણ સંસદ ભવન પાસે દેખાવો કર્યા હતા. અને પૂર્વીય રાજ્યોના નાગરિકોએ પણ દિલ્હીમાં ધરણાના કાર્યક્રમો યોજ્યા હતા...

## હૈદરાબાદ એન્કાઉન્ટર મામલે સુપ્રિમ કોર્ટમાં આવતીકાલે સુનાવણી

ન્યુ દિલ્હી,તા.૯

હૈદરાબાદમાં ગેંગરેપ-મર્ડર કેસના આરોપીઓના એક્રાઉન્ટર કેસમાં દાખલ જનહિતની અરજી પર સુપ્રીમ કોર્ટમાં બુધવારે સુનાવણી થશે. તમને જણાવી દઈએ કે હૈદરાબાદ મુઠભેડમાં પોલીસ કર્મીઓ વિરૂદ્ધ વકીલ દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે. અત્યાર અરજી સુનાવણી માટે કોર્ટની લિસ્ટમાં નથી, પરંતુ વકીલે અરજી પર જલદી સુનાવણી કરવા માટે ચીફ જસ્ટિસની કોર્ટમાં મેંશન કર્યુ. આ અરજી સુપ્રીમ કોર્ટના વકીલ જી એસ મણિએ પોતે દાખલ કરી છે. અરજીમાં એક્રાઉન્ટરની નિષ્પક્ષ તપાસ એજન્સી પાસે કરાવવાની માંગ કરવામાં આવી છે. સાથે જ સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન હેઠળ સાઈબરાબાદ પોલીસ કમિશ્નર વીસી સજ્જનાર અને એક્રાઉન્ટરમાં સામેલ પોલીસકર્મીઓ વિરૂદ્ધ એફઆઈ આર દાખલ કરવાની માંગ કરી છે.

# કર્ણાટક પેટાચૂંટણીમાં ભાજપનો સપાટો

## ભાજપે ૧૫ પૈકીની ૧૨ સીટો ઉપર ભવ્ય જીત મેળવી : પેટાચૂંટણીમાં ભવ્ય વિજય થતાં યેદીયુરપ્પા સરકાર હવે બહુમતિમાં : કોંગ્રેસને મોટો ફટકો પડ્યો : બે બેઠકો મળી : ૧૨ બેઠક કોંગ્રેસ પાર્ટીએ ગુમાવી દીધી

બેંગલોર,તા. ૯

કર્ણાટકમાં વિધાનસભાની ૧૫ સીટો પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો છે જેથી પાર્ટીને ભવ્ય જીત થઈ છે. આની સાથે જ મુખ્યમંત્રી યેદીયુરપ્પાના મિશનને પણ મોટી સફળતા મળી છે. ૧૫ સીટો પૈકીની ૧૦ સીટો પર ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય જીત હાંસલ કરી લીધી છે જ્યારે અન્ય બે સીટો ઉપર પણ તેની જીત નિશ્ચિત બની ગઈ હતી. આનો મતલબ એ થયો કે, પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવી દીધો છે. ક્લિન સ્વિપના કારણે



● અનુસંધાન પાન-૭ પર

## પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ હારની જવાબદારી સ્વીકારી રાજીનામા આપ્યા

### સિદ્ધારમૈયા અને દિનેશ રાવે રાજીનામા આપ્યા

બેંગ્લોર, તા. ૯

કર્ણાટક વિધાનસભાની પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની શાનદાર જીત થયા બાદ કોંગ્રેસ પાર્ટીમાં ભૂકંપની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પરિણામ જાહેર થયા બાદ કર્ણાટકમાં ટોપના કોંગ્રેસી નેતાઓએ રાજીનામા આપી દીધા છે. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ રાજીનામુ આપીને હારની નૈતિક જવાબદારી સ્વીકારી લીધી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને દિનેશ ગુંડુરાવે કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા તરીકે રાજીનામા આપી દીધા છે. કેપીસીસીના વડા દિનેશ ગુંડુરાવે હારની જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપી દીધું છે. રાવે કહ્યું છે કે, કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા તરીકે તેઓ રાજીનામું આપી રહ્યા છે. અનેક પડકારો હતા. જવાબદારી અદા કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. ખુબ મહેનત પણ કરવામાં આવી હતી. પ્રજા દ્વારા આપવામાં આવેલા જનમતનો અમે સ્વીકાર કરીએ છીએ. કોંગ્રેસની પેટાચૂંટણીમાં ખુબ કફોડી હાલત થઈ છે. પાર્ટીને માત્ર બે સીટો મળી છે જે પૈકી પાર્ટીના ઉમેદવાર રિઝવાન અરશદની શિવાજીનગરમાંથી તથા એચપી મંજુનાથની હુનસુર સીટ પર જીત થઈ છે. ૧૫ સીટોની પેટાચૂંટણી કોંગ્રેસ પાર્ટી માટે પણ ખુબ મહત્વપૂર્ણ હતી. કારણ કે, કોંગ્રેસ પાસે આ વિધાનસભામાં ૧૨ સીટો હતી જે પૈકી કોંગ્રેસ પેટાચૂંટણીમાં માત્ર બે સીટો મેળવવા સફળ થઈ છે.

## દિલ્હી અગ્નિકાંડ મામલે ફેક્ટરી માલિક-મેનેજર કસ્ટડીમાં

નવીદિલ્હી, તા. ૯

જુની દિલ્હી અનાજમંડી વિસ્તારમાં રવિવારના દિવસે ફાટી નિકળેલી વિનાશક આગની ઘટનામાં ૪૩ લોકોના મોત થયા બાદ આ મામલામાં પકડી પાડવામાં આવેલા ફેક્ટ્રી માલિક રેહના અને મેનેજર ફુરકાનને આજે તીસહજારી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તીસહજારી કોર્ટે બંનેને પુછપરછ માટે ૧૪ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. બંને ઉપર આઈપીસીની કલમ ૩૦૪ અને ૨૮૫ લાગૂ કરવામાં આવી છે. રેહન ખુબ જ સાંકડા વિસ્તારમાં મંજુરી લીધા વગર આ ઈમારતમાં ગેરકાયદે ફેક્ટ્રી ચલાવી રહ્યો હતો. અહીંથી નિકળવા માટે પણ એક જ માર્ગ હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે, આગ લાગવાની ઘટના બાદ મોટાભાગના લોકોના મોત શ્વાસ રુંધાઈ જવાના કારણે થયા હતા. શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી.

## પીએફ, ગ્રેજ્યુટીમાં ફેરફારો

### આર્થિક સુસ્તીની વચ્ચે સરકારના નિર્ણય બાદ વપરાશની માંગમાં ઉલ્લેખનીય વધારો થશે

નવી દિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે કામ કરતા કર્મચારીઓને પ્રોવિડન્ટ ફંડ (પીએફ)માં યોગદાન ઘટાડી દેવા માટેના વિકલ્પ આપી શકે છે. જેથી તેમને વધારે પગાર ઘરે લઈ જવા માટેની તક મળશે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આના કારણે વપરાશ માંગમાં વધારો થઈ શકે છે. જેના કારણે આર્થિક સુસ્તીને દુર કરવામાં મદદ મળી શકે છે. આર્થિક સુસ્તીને દુર કરીને માંગમાં તેજી આવે તેવા પ્રયાસ સરકાર તરફથી કરવામાં આવી રહ્યા છે. હાલમાં આર્થિક સુસ્તીના કારણે ઈકોનોમિક ગ્રોથમાં ઘટાડો થયો છે. શ્રમ મંત્રાલયના એક પ્રસ્તાવ મુજબ પીએમાં કંપનીનુ યોગદાન ૧૨ ટકાના વર્તમાન સ્તર પર રહી શકે છે. આ તમામ બાબતો સોશિયલ સિક્યુરીટી બિલ ૨૦૧૯માં સામેલ કરવામાં આવી છે. જેને ગયા સપ્તાહમાં કેબિનેટ દ્વારા મંજુરી આપવામાં આવી હતી. મંત્રાલય દ્વારા એમ્પ્લોયઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) અને એમ્પ્લોયઈસ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનની વર્તમાન સ્વાયત્તતાને જાળવી રાખવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે પરહેલા તેને કોર્પોરેટ જેવા સ્વરૂપ આપી દેવાની વાત કરવામાં આવી હતી. આ બિલ મારફતે દેશમાં ૫૦ કરોડ લોકોને સામાજિક સુરક્ષા આપવાની દિશામાં સરકાર વધુ એક મોટુ પગલુ લેવા જઈ રહી છે.

# વોટબેંકને કારણે કોંગ્રેસે અયોધ્યા કેસ લટકાવી રાખ્યો હતો : મોદી

## ત્રિશંકુ પરિણામ આવશે તો કર્ણાટકની જેમ વિનાશ કરનારા લોકો મેદાનમાં આવશે

હજીરાબાગ,તા.૯

ઝારખંડમાં ત્રીજા તબક્કાની વિધાનસભાની ચૂંટણી ૧૨ ડિસેમ્બરે યોજાવાની છે. જેને લઈને સોમવારે વડાપ્રધાન મોદીએ ઝારખંડના હજીરાબાગમાં એક



જાહેર સભા સંબોધિત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડના બરહીમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, આ ભૂમીએ ભગવાન બિરસા મુંડાથી લઈને જય પ્રકાશ નારાયણ અને અટલ બિહારી વાજપેયી સહિત અનેક રાષ્ટ્ર નાયકોની તપસ્યાને શક્તિ આપી છે. ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીએ જમ્મુ-કાશ્મીરમાં અલગ પ્રધાન, અલગ સંવિધાન નાબૂદ માટે સંઘર્ષ કર્યા. મને ખુશી છે કે, તેમની ભાવના પ્રમાણે જમ્મુ-કાશ્મીરમાં ભારતીય સંવિધાન સંપૂર્ણ પણે અમલમાં આવ્યું છે.

તેમણે કહ્યું કે, આજે આટલી વિશાળ જનમેદની, ઝારખંડની જનતાનો મૂડ બતાવી રહીં છે. અહીંયાના લોકોના હૃદયમાં વિકાસ માટે કેટલો વિશ્વાસ છે, એ આજે હું આ વિશાળ જનમેદનીમાં જોઈ રહ્યો છું. હું ઝારખંડમાં જ્યાં પણ જાઉં છું, ત્યાંની સભા જૂની સભાઓના રેકોર્ડ તોડી રહી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે સમગ્ર દુનિયામાં હિન્દુસ્તાનનો ડંકો વાગી રહ્યો છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા,

● અનુસંધાન પાન-૭ પર

## ભારત અને ચીન વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ શરૂ

ન્યુ દિલ્હી,તા.૯

ભારત અને ચીન વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ શનિવારે શરૂ થયો છે. ભારતીય સેનાએ કહ્યું કે, બન્ને દેશ આતંકવાદના જોખમને જોઈ રહ્યા છે. તેની સામે પહોંચી વળવા માટે ખભેથી ખભો મળાવીને બન્ને દેશો ઊભા છે. મેઘાલયના ઉમરોઈમાં ચાલી રહેલા સૈન્ય અભ્યાસના કારણે દુનિયાને એક મજબૂત સંદેશો મળશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225